25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# દિવાળી દીપોનું પૂજન છે



આ સો શુક્લ પક્ષ એટલે શક્તિપૂજા, દુર્ગા પૂજા, દેવી નવરાત્રીનો રાત્રોત્સવ ઉજવાય છે. દશેરો વિજયા દશમીના રોજ નવરાત્રી ઉત્સવ પૂર્ણ થાય છે. પછી વ્રતની પૂનમ, શરદ પૂર્ણિમા, કે કોજાગરી પૂર્ણિમા દૂધ પૌંઆ અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ઉજવાય છે.

આસો વદ પક્ષ દિવાળીને લઈને આવે છે. આસો વદ બીજ તો ક્ષય તિથિ છે પણ સંકષ્ટચોથની ગણેશપૂજનવિધિ જ્ઞાનસંપદા વધારે છે. એ જ કરવા ચોથ, પતિપત્નીના મિલનને ઈચ્છિત ફળ આપે છે.

પછી કાલાષ્ટમી હોમહવનનો માંત્રિક દિવસ છે. રમા-એકાદશી અને વાઘ બારસ કે ગોવત્સ દ્વાદશીનો પવિત્ર દિવસ છે. આ આસો માસમાં તિથિઓનું મિશ્રણ અધિકાધિક પુણ્ય ફળનો લાભ આપે છે.

ધનતેરસ યમદીપદાન, ગુરુદ્વાદશી, ધન્વંતરી જયંતી શુક્રવારે બારસના દિવસે જ ઉજવવાની છે. શનિવારે કાળી ચૌદસ છે. તે માસિક શિવરાત્રીનો દિવસ છે અને રવિવારે નરકચતુર્દશી, અભ્યંગસ્નાનવિધિ, લક્ષ્મીપૂજન દિવાળી ઉત્સવ ઉજવણી કરી શકાય છે અને આવનાર સોમવારે સોમવતી અમાસ છે, ત્યારે બલી પૂજન, અન્નકૂટ, ગોવર્ધન પૂજન થાય.



હવે આપણે ગુરુદ્વાદશી, ગૌવત્સ બારસ વિશે જાણીએ. આસો વદ બારસ ગુરુદ્વાદશી, વસુબારસ કે ગૌવત્સ દ્વાદશી નામે પ્રસિદ્ધ છે. સંપૂર્ણ માનવજાતિને ઐહિક, પારલૌકિક, પારમાર્થિક અને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ બતાવીને ઉપદેશ આપનારા ગુરુના સ્મરણાર્થે એક વર્ષમાં ગુરુપૂર્ણિમા, ગુરુ-પ્રતિપદા અને ગુરુદ્વાદશી એમ ત્રણ તિથિઓ આવે છે. પોતાના ગુરુ માટે આદર, વિશ્વાસ, નિષ્ઠા અને આંતરિક પ્રેમભાવના તથા ગુરુ દર્શનની ઈચ્છા માટે ગુરુપૂજન તો કરવું જ જોઈએ અને જેમણે આપણને જીવન જીવવાનો અર્થ સમજાવ્યો, કલા શાસ્ત્ર, ધર્મનું જ્ઞાન અપાવ્યું એમનું પણ સ્મરણ આ દિવસે કરવું જોઈએ. ગુરુગ્રંથનું વાંચન, પૂજન તથા ગુરુક્ષેત્રનું દર્શન પણ આ તિથિએ કરવું સાર્થકતા આપે છે. આ દિવસે ઉપોષણ રાખીને સાંજે સવત્સ ગાયનું પૂજન, દર્શન વિશેષ લાભદાયી છે. જે ગાય માતાઓની અનાદિ કાળથી આરાધના થતી આવે છે તે ગાયનું અને તેના વંશનું પૂજન કરવાનો આ શ્રેષ્ઠ દિવસ છે. ગાયને જુવાર, બાજરી, ગોળ ખવડાવીને પછી પૂજકે રાત્રે ભોજન કરવાનું છે.

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

આ દ્વાદશી દીપાવલીનો પ્રથમ દિવસ માનવામાં આવે છે. આ દિવસે ઘરઆંગણે આકાશદીપને સજાવવામાં આવે છે. તેનો મંત્ર છે, "દામોદરાય નભસિ તુલાયાં દોલયા સહા પ્રદીપં તે પ્રપચ્છામિ નમોઽનન્તાય નેધસે. આકાશદીપને વન્દન કરીને રોજ સાંજે પ્રજ્વલિત કરવો. કારતક પૂનમ સુધી દીવો કરવો.

ધન ત્રયોદશી એટલે ધનતેરસ, સ્ત્રીઓનો અભ્યંગ સ્નાનનો પવિત્ર દિવસ અને વેપારી વર્ગ અને વૈદકીય, ડૉક્ટર વૈદ્ય વ્યવસાયી લોકો માટે ધનતેરસ મહત્ત્વ ધરાવે છે. વેપારી વર્ગ કે સામાન્ય માણસ પણ ઘરમાં કે દુકાન ક્ષેત્રમાં લક્ષ્મીપૂજન કરી શકે છે. તે સાંજનો શુભ ઘડીનો સમય પસંદ કરવાનો હોય છે. રત્નો, આભૂષણો, ચલણી નાણાં, નોટોનું વિશ્વાસ અને નિષ્ઠાથી પૂજનઅર્ચન, આરતી અને પ્રસાદી આ પૂજામાં મહત્ત્વ ધરાવે છે. ઘર, દુકાન અને આજુબાજુનો પરિસર સ્વચ્છ કરીને સર્વત્ર તેલના દીવાના કોડિયાની ઉત્તમ શોભા કરવી એ જ દીપની પૂજા છે. મનમાં અને ઘરમાં ઉજાસ જોઈએ.

ઉપરોક્ત ધનતેરસ પૂજામાં શ્રી ગણેશ, યોગિની, લોકપાલ કુબેર, શ્રીવિષ્ણુ, નાગ અને લક્ષ્મી રૂપે એક પાટલા પર ચોખાની ઢગલી પર સોપારી મૂકીને સ્થાપના કરવી અને એ બધાંનું મનથી ફૂલ, સૌભાગ્ય દ્રવ્યોથી પૂજન કરવું અને ગોળધાણાનો પ્રસાદ ધરવો.

વૈદ્યકીય વ્યવસાયમાં શ્રી ધન્વંતરી દેવની પૂજા મહત્ત્વની છે.

"સુધાકુમ્ભ-ધરો હસ્તે શ્રીશો ધન્વંતરિ-સદા
જ્ઞાનમુદ્રાયુતશ્ચૈવં તસ્મૈઃ ભગવતેનમઃ

ધન્વંતરી દેવના હાથમાં અમૃતકુંભ છે. આ દિવસે ચોખાની ઢગલી પર સોપારી મૂકીને તેનું યથાર્થ પૂજન કરીને તે સોપારી શુદ્ધ પવિત્ર સ્થાને મૂકી દેવી અને સાથે તે સોપારી શિવ કે વિષ્ણુમંદિરમાં મૂકીને દર્શન કરવા. આ પૂજાથી પ્રત્યેક રૂગ્ણ વિષ્ણુ રૂપ થઈ જાય છે. એની સેવા ઈશસેવા બને છે. દર્દી સારો બને છે.

> ધન ત્રયોદશી એટલે ધનતેરસ, સ્ત્રીઓનો અભ્યંગ સ્નાનનો પવિત્ર દિવસ અને વેપારી વર્ગ અને ડૉક્ટર, વૈદ્ય, વ્યવસાયી લોકો માટે ધનતેરસ મહત્ત્વ ધરાવે છે. વેપારી વર્ગ કે સામાન્ય માણસ પણ ઘરમાં કે દુકાન ક્ષેત્રમાં લક્ષ્મીપૂજન કરી શકે છે

શ્રી ધન્વંતરેયનમઃ

# શું કહે છે દીપાવલી?



દીપાવલીનો સંદેશ પૂ. ગુરુદેવની પ્રેરણાથી મારે આપ સુધી પહોંચાડવો છે. દીવાળી અંધકારથી પ્રકાશના વિજયના રૂપમાં, નકારાત્મકતાની ઉપર સકારાત્મકતાના વિજયના રૂપમાં, પોઝિટિવિટીને પ્રગાઢ રૂપમાં લાવવાના ભાવથી આપણે આ દીપોત્સવી પર્વ મનાવીએ છીએ.અયોધ્યામાં ભગવાન રામનું આગમન, અયોધ્યાના સિંહાસન પર પ્રભુ શ્રીરામનું રાજતિલક થયું એ જ પ્રમાણે મોહરૂપી રાવણને સમાપ્ત કરી આપણા આત્મારામ આપણા હૃદયસિંહાસન પર આરૂઢ થાય એ જ દીપાવલીનો સંદેશ છે. એ રામ આપણને આરામ આપે. આરામનો એક અર્થ આનંદ પણ કરી શકાય. એનું સામ્રાજ્ય આપણા જીવનમાં થાય એ ભાવથી દીપોત્સવીને આપણે ધામધૂમથી મનાવીએ છીએ. મીઠાઈ બનાવી ખાવી, વહેંચવી, પરસ્પર સદ્ભાવનું પ્રદર્શન કરવું, એની સાથે ઘરની સાફસફાઈ પણ આ દિવસોમાં કરવામાં આવે છે. ઘરને અવનવી ઢબથી સજાવાય છે. આંગણામાં રંગોળી પૂરાય, દીપમાળા પ્રગટાવવામાં આવે છે. જો ઘરને નવો ઓપ અપાતો હોય તો શરીર પણ ઘર જ છે. તો શું આપણે મનમાં ઉમંગોની રંગોળી મનાવીએ? નૂતન વર્ષે નવા ઉમંગ, નવા ઉત્સાહ સાથે નવી આશા સાથે નૂતન વર્ષનું સ્વાગત કરીએ. પૃથ્વી બની ત્યારથી પૃથ્વી પર દિવસ અને રાત બંને વસ્તુ છે. આપણી સૂર્યમાળામાં જેટલા ગ્રહો છે, બધા જ સૂર્યને કારણે રાત-દિવસ ધરાવે છે. ખાસ કરીને ગુજરાત અને મહારાષ્ટ્રની દૃષ્ટિએ જોઈએ તો વર્તમાન વર્ષની છેલ્લી રાત્રિ અને નવા વર્ષનું પ્રથમ પ્રભાત બંને જગ્યાએ સંધિ છે. બે વર્ષને જોડતી છેલ્લા દિવસની રાત એટલા માટે મહત્ત્વની છે કે તે રાત્રે આપણે દીવાળી મનાવીએ છીએ. દીવડા પ્રગટાવીએ છીએ. ભલે ને એની શરૂઆત બે-ચાર દિવસથી થઈ ગઈ હોય, પણ મહત્ત્વ દીવાળીનું એ ટલે રાત્રિનું. એવા દીવડા પ્રગટે કે અમાસની અંધારી રાત પણ પ્રકાશથી ઝળહળી ઊઠે! એટલા માટે જ આપણે અંધકાર પર પ્રકાશના વિજયના પર્વ રૂપે દીવાળી મનાવીએ છીએ. એ પછી દરેક રાતની એક સવાર હોય. સવાર પડે ને નવા વર્ષનું નવલું પ્રભાત. એ દિવસની તો શરૂઆત છે, જે એ મહિનાની પણ શરૂઆત છે અને નવા વર્ષનો પણ પ્રારંભ છે. સૂરજ ઊગે તે પહેલાં જાગીને સૂરજના ઓવારણાં લઈને નવા વર્ષ માટે એકબીજાને શુભકામના આપીએ.

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

પૂ. મોરારિબાપુ પણ કહે છે કે, બધાના હૃદયમાં શીતળ પ્રકાશનો દીપ પ્રગટો. ગામડાનો ગરીબમાં ગરીબ માણસ પણ આ પર્વમાં ગાર કરી મકાનને શણગારે. જૂની દીવાલના પોપડા ખરી ગયા હોય, માટી ખરી ગઈ હોય તેના પર એક નવો રંગ ચઢે! આપણે પણ આપણા આચરણને સુધારી નવું રૂપ ધારણ કરીએ.

રામને પામવાનાં ત્રણ કદમ - સત્ય, પ્રેમ, કરુણા. સત્ય હશે તો આપણે બધાને પ્રેમ કરીશું. સત્ય અને પ્રેમ હશે તો હિંસા નહીં કરી શકીએ. કરુણા પ્રગટ થશે. રામ સત્ય છે, કૃષ્ણ પ્રેમ છે અને શિવ કરુણા છે. 'રામ હિ કેવલ પ્રેમ પિયારા', 'રામને કેવળ પ્રેમ ખપે છે.'

> વસ્તુ કેન્દ્રમાં આવતી જાય છે અને વ્યક્તિ પરિઘમાં જતો જાય છે, સ્વસ્થ સમાજ એ છે કે જ્યારે જીવનના કેન્દ્રમાં વ્યક્તિ હોય, વસ્તુ પરિઘમાં હોય, સત્યરહિત સંપત્તિ અને સત્યરહિત ધર્મ કલ્યાણ ન કરી શકે

ડૉ. કુમાર વિશ્વાસ કહે છે:

'અંધકાર ચાહે ગહરા હો, સાત સમંદર પાર હો,
સદા ઉજાલા ઉદિત હુઆ હૈ, સત્ય અગર આધાર હો.'

સત્યનો આધાર હોય તો વિજય નિશ્ચિત છે. દીપાવલી કે દિન રાજા અયોધ્યા પહોંચે. રામના જીવનમાં કોઈ ચમત્કાર નહીં. સામાન્ય મનુષ્યની તરણ રામ ભી સમસ્યાઓ સે લડે હૈં, રોયે હૈં, પરેશાન હુએ હૈં. મનુષ્યની યાત્રા પશુ સે માનવ બનને કી, નર સે નારાયણ બનને કી હૈ. હર વ્યક્તિ મેં ઈશ્વર હૈ, ઉસે જગાના હૈ. 'માનવતા કી ખુલ્લી આંખ કે સબ સે સુંદર સપને રામ.'

દુનિયામાં કોઈ એવો આઇન્સ્ટાઇન નહીં, જો એક બલ્બને બીજા બલ્બ સાથે અડકાવો તો રોશની થઈ જાય. કેવળ રામ, કૃષ્ણ, બુદ્ધ જેવા બલ્બ આપણને રોજ અડે છે અને આપણને પ્રકાશથી ભરી દે છે. જેના દ્વાર પર પ્રેમનો દીપ છે, મનમાં પ્રકાશની આભા છે, એવો દીપ મનુષ્યતા માટે આવશ્યક છે.

નવી પેઢી ઉત્સવનો સામાન ઑનલાઇન મંગાવે છે, ખર્ચા થઈ જાય છે. ઉત્સવ એટલે પૈસા નહીં. મહેનતથી મનાય છે ઉત્સવ.

'દીવાલ એક નહીં લીંપને સે ખાલી હૈ ગોબર સે,
જિધર દેખો ઉધર રોશની ઉજાલી હૈ,
ઈંટ-ઈંટ પર દિવાળી હૈ.'

સૌને બાળપણની એ રંગીન યાદનું સ્મરણ હશે જ. સાપની ડબ્બી, ફટાકડી (ટોટી), મરચા ફટાકડા અને એ પણ તાર પર લટકાવીને ફોડવાના, ભોંયચકરડી. આંગણાની રંગોળી પૂરવામાં એકબીજા સાથે સ્પર્ધા. રંગ ખૂટી જાય તો ભલે ને 12 વાગ્યા હોય, લેવા જવાનું જ. દૂર-દૂરથી માટી લાવીને ઓટલો તો બનાવવાનો જ. નાની-નાની વસ્તુમાં પણ મોટી ખુશી. સૌ હળીમળીને સંપથી દીવાળીની તૈયારી કરે અને ઉજવણી થાય પરસ્પર સહયોગ થકી.

દુનિયાના દેશો આપસમાં લડે છે, માનવતા મરે છે ત્યારે આ પર્વે આશા અને પ્રેમના એવા દીવડા પ્રગટાવીએ, એવી વિશ્વમંગલની પ્રાર્થના કરીએ કે સમગ્ર વિશ્વમાં રામરાજ્ય મતલબ પ્રેમરાજ્યની સ્થાપના થાય. પ્રેમની બાથ એટલી મોટી હોય કે એમાં વિશ્વ સમાઈ જાય.

નૂતન વર્ષનો સૂર્ય આપણી અંદરના સંકલ્પો માટેની ઊર્જા આશીર્વાદના રૂપમાં આપણને આપે અને ઉદિત થાય. ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરીએ કે નૂતન વર્ષ આપણા સૌ માટે નિરામયતા, સમૃદ્ધિ, સદ્ભાવ, ભાઈચારો, એકતા અને વિશ્વશાંતિ લાવે. સૌને દીપોત્સવી અને નૂતન વર્ષની ખૂબ-ખૂબ શુભકામનાઓ.

- (ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગને આધારે)